# PM Greets President and People of Republic of Korea on the 70th Anniversary of the Outbreak of the Korean War

June 25, 2020

# કોરીયન યુદ્ધની 70મી વર્ષગાંઠ પર વડાપ્રધાન કોરીયા ગણરાજ્યનાં રાષ્ટ્રપતિ અને લોકોને શુભેચ્છા પાઠવો છે

જૂન 25, 2020

1950 માં કોરીયન યુદ્ધ શરૂ થવાની 70મી વર્ષગાંઠનાં અવસર પર, ભારતનાં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કોરીયન દ્વિપકલ્પમાં શાંતિ સ્થાપવા માટે તેઓનાં જીવનની આહુતિ આપી હતી તેવા બહાદૂર લોકોને ભવ્ય શ્રદ્ધાંજલી પાઠવી હતી.

કોરીયા ગણરાજ્યમાં સીઓલમાં આ પવિત્ર પ્રસંગને અંકિત કરવા એક સ્મૃતિ સમારંભ દરમિયાન વડાપ્રધાનનાં વિડીયો સંદેશને પડદા પર પ્રસારિત કરવામાં આવ્યો હતો. આ સમારંભ કોરીયા ગણરાજ્યની મિનિસ્ટ્રી ઑફ પેટ્રિઓટ્સ એન્ડ વેટેરન્સ અફેર્સ દ્વારા યોજવામાં આવ્યો હતો અને કોરીયા ગણરાજ્યનાં રાષ્ટ્રપતિ શ્રી મૂન જાએ-ઈનની અધ્યક્ષતા હતી. પોતાનાં સંદેશમાં વડાપ્રધાન મોદીએ કોરીયા ગણરાજ્યનાં યુદ્ધનાં પ્રયાસોમાં ભારતીય યોગદાનને યાદ કર્યું હતું, એક એવું યોગદાન જે 60 પેરા ફીલ્ડ હોસ્પિટલો તૈનાત કરવાનાં સ્વરૂપમાં આવ્યું હતું. આ હોસ્પિટલોએ યુદ્ધ દરમિયાન સ્વૈચ્છિક કાર્યકર સેવાઓ પ્રદાન કરી હતી અને સૈનિકો તેમજ નાગરિકો એમ બન્નેને મહત્વની તબીબી સહાયતા પ્રદાન કરી હતી. વડાપ્રધાને રાખમાંથી એક મહાન દેશનાં નિર્માણમાં કોરીયન લોકોની સ્થિતિસ્થાપકતા, કઠોર મહેનત અને દ્દઢ નિશ્ચય બદલ તેઓને અભિનંદન પાઠવ્યા હતા અને કોરીયન દ્વિપકલ્પ પર શાંતિ અને સ્થિરતા સુરક્ષિત કરવા માટે કોરીયા ગણરાજ્ય સરકારનાં પ્રયાસોને પણ બિરદાવ્યા હતા. તેણે કોરીયન દ્વિપકલ્પમાં કાયમી શાંતિ માટે ભારત સરકાર અને ભારતનાં લોકો વતી શુભેચ્છાઓ પાઠવી હતી.

આ સમારંભમાં, રાષ્ટ્રપતિ મૂન ઉપરાંત, કોરીયા ગણરાજ્યનાં રાષ્ટ્રિય રક્ષા મંત્રી, અન્ય કેબિનેટ મંત્રીઓ, આ યુદ્ધ દરમિયાન કોરીયા ગણરાજ્યને સહાયતા પ્રદાન કરી હતી તેવા દેશોનું પ્રતિનિધિત્વ કરતા રાજદૂતો, અને કોરીયાનાં પ્રતિષ્ઠિત લોકો હાજર રહ્યા હતા.

**નવી દિલ્હી**
**જૂન 25, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.